546-70-1-2018

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા શુક્રવાર તા. ૧૦-૧૧-૨૦૧૭ના રોજ બપોરે ૦૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી પ્રો. એચ.એ.પંડયાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| **ક્રમાંક** | **સભ્યનું નામ** | **તા.૧૦/૧૧/૨૦૧૭** |
|---|---|---|
| ૧. | પ્રો. એચ. એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. પ્રદીપ પ્રજાપતિ | હાજર |
| ૩. | પ્રો. આર.એસ. પટેલ | હાજર |
| ૪. | ડો. આર.વી. મહેતા | હાજર |
| ૫. | ડો. મહેશ બી. પટેલ | ગેરહાજર |
| ૬. | ડો. બી. વી. પટેલ | હાજર |
| ૭. | ડો. પી. એન. ગજ્જર | હાજર |
| ૮. | શ્રી મહેશભાઈ કસવાલા | ગેરહાજર |
| ૯. | ડો. દીર્ગવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૦. | ડો. મયુરીબેન પંડયા | હાજર |
| ૧૧. | ડો. રંજનાબેન અરગડે | હાજર |
| ૧૨. | ડો. જશવંત ઠક્કર | હાજર |
| ૧૩. | ડો. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૧૪. | ડો. પી.આર. પટેલ | ગેરહાજર |
| ૧૫. | ડો. એચ.સી. સરદાર | ગેરહાજર |
| ૧૬. | ડો. ધરમસિંહ દેસાઈ | ગેરહાજર |
| ૧૭. | ડો. એ. કે. દેસાઈ | હાજર |
| ૧૮. | ડો. કમલેશ ચોકસી | હાજર |
| ૧૯. | ડો. પંકજ શ્રીમાળી | હાજર |
| ૨૦. | શ્રી મુકેશ ખટીક | હાજર |
| ૨૧. | ડો. કીર્તીદા શાહ | ગેરહાજર |
| ૨૨. | ડો. મહીપતસિંહ ચાવડા | ગેરહાજર |
| ૨૩. | ડો. અર્ચના માંકડ | હાજર |

| | |
|---|---|
| ૨૪.પ્રો. આર.જે. વર્મા | હાજર |
| ૨૫.ડો. મીનુ સરાફ | ગેરહાજર |
| ૨૬.ડો. એન.કે. જૈન | હાજર |
| ૨૭.ડો. દર્શના ત્રિવેદી | હાજર |
| ૨૮.ડો. આર.ટી. સાવલીયા | ગેરહાજર |
| ૨૯.શ્રી પંકજભાઈ શુકલ | ગેરહાજર |
| ૩૦.ડો. પંકજ ઠાકર | હાજર |
| ૩૧.શ્રી રમેશભાઈ ચૌધરી | ગેરહાજર |

સભાના આરંભમાં યુનિવર્સિટી ગાન પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીના જે કર્મચારીઓ મૃત્યુ પામેલ છે તેમને શોકાંજલિ પાઠવવામાં આવી, ત્યારબાદ મીટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

બા.ક્ર.૧ તા.૧૪-૧૦-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિકકાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ: **તા.૧૪-૧૦-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની મીનીટ્સમાં ડો. રંજના અરગડે દ્વારા પાના નં.૧૦માં સૂચવેલ ક્રમાંક-૧૦માં એક સુધારો (૨૦ માર્કસ ડીસ્ક્રીપ્ટીવ)ના રહેશે તે મુજબનો સુધારો કર્યા બાદ નોંધ મંજુર કરવામાં આવી.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યોજાણ સારૂ.

૨(૧) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સરકારી વાણિજય કોલેજ, નરોડા, અમદાવાદને તેઓનાં અનુ.કેન્દ્ર માટે આદેશાનુસાર રચાયેલ સ્થાનિક તપાસ સમિતિનાં રીપોર્ટને આધિન એમ.કોમ. વિષયનાં અનુસ્નાતકકેન્દ્ર માટે પહેલાં આપેલ ૭૫ ગ્રાન્ટ ઈન એઈડબેઠકોઉપરાંત ૨૫ વધુબેઠકોહાયર ફીનાં ધોરણેઆપ્યાનું.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત ક્રમાંક ૨(૧) કાર્યની નોંધ લેવાનું રાખવું.**

બા.ક્ર.૩ ગુજરાત યુનિવર્સિટીનાં એમ.ફીલ./પીએચ.ડી. અભ્યાસક્રમોની પ્રવેશ પરીક્ષાની પ્રવેશપાત્રતા (એલીજીબીલીટી) પરત્વે સઘન ચર્ચા વિચારણામાં થયેલ ભલામણ મુજબ સદરહુ બાબત પરત્વે યુ.જી.સી.નવી દિલ્હીને યુનિવર્સિટી પત્રાંક-પીજી/૯૭૪૭/૨૦૧૭, તા.૨૨-૦૮-૨૦૧૭ના પાઠવેલ પત્રના પ્રત્યુતર રૂપે આવેલ યુ.જી.સી.ના પત્રાંક પરત્વેવિચારણાકરવા બાબત.

(યુ.જી.સી.નો આવેલ પ્રત્યુતર સભાગૃહ સમક્ષ રજૂકરવામાં આવશે.)

ઠરાવ: **ગુજરાત યુનિવર્સિટીના એમ.ફીલ./પી.એચ.ડી. અભ્યાસક્રમોની પ્રવેશ પરીક્ષાની પ્રવેશપાત્રતા (એલીજીબીલીટી) પરત્વે યુ.જી.સી. નવી દિલ્હી તરફથી તા. ૩૧-ઓકટોબર-૨૦૧૭ આવેલ પત્રને સભા સમક્ષ ખોલવામાં આવ્યો. જે બાબત પરત્વે સઘન ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો કે, એમ.ફીલ./પી.એચ.ડી.માં**

**પ્રવેશ અંગે યુ.જી.સી.એ તેમના પત્રમાં કરેલ સ્પષ્ટતા મુજબ કાર્યવાહી કરવાની રાખવી અને તે મુજબ ગ્રેસ આપેલ વિદ્યાર્થીઓને એમ.ફીલ./પી.એચ.ડી. પ્રવેશ માટે એલીજીબલ ગણવા નહીં.**

બા.ક્ર.૪ગુજરાત યુનિવર્સિટીનાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં મેડીકલ ફેકલ્ટીનાં વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીનાં બાયોમેડીકલ ટેકનોલોજી **(BMTC)** વિષયમાં પીએચ.ડી. કરવા અંગે એચ.ઓ.ડી. શ્રી ઝુલોજી વિભાગ, ગુજરાત યુનિવર્સિટીનાં આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(ઝુઓલોજી વિભાગના એચ.ઓ.ડી.શ્રીનો પત્ર**પરિશિષ્ટ-૧**-તરીકે સામેલછે.)

ઠરાવ: **ગુજરાત યુનિવર્સિટીના પી.એચ.ડી. અભ્યાસક્રમમાં મેડીકલ ફેકલ્ટીનાં વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીના બાયોમેડીકલ ટેકનોલોજી (BMTC) વિષયમાં પી.એચ.ડી. કરવા અંગ મંજુરી આપવામાં આવી અને તે અંગે યોગ્ય ગાઈડલાઈન્સ ઉપલબ્ધ કરાવવી.**

બા.ક્ર.પગુજરાત યુનિવર્સિટીનાં સોશ્યોલોજી વિભાગના એમ.ફીલ. અભ્યાસક્રમમાં **MSW** અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓને **M.Phil. (Sociology)**માં પ્રવેશ આપેલછે, તે રદકરી સદરહુ વિદ્યાર્થીઓને **MSW (M.Phil.)**માં ત્રણ નવી બેઠકો ઉભી કરી મંજૂર કરી તેમાં પ્રવેશ આપવા તથા **M.Phil.(Sociology)**માં પ્રવેશ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને **M.Phil. (Sociology)**માં સદરહુ ખાલી પડેલ સીટો પર પ્રવેશ આપવા પરત્વે આવેલ અરજી તથા ડીનશ્રી (આર્ટસ)નાં અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.(અરજીતથાડીનશ્રી આર્ટસવિદ્યાશાખાનો અભિપ્રાય **પરિશિષ્ટ-૨**-તરીકે સામેલછે.)

ઠરાવ: **ગુજરાત યુનિવર્સિટીનાં સોશ્યોલોજી વિભાગના એમ.ફીલ. અભ્યાસક્રમમાં MSW અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓને M.Phil. (Sociology)માં પ્રવેશ આપેલ છે, તે રદ કરી સદરહુ વિદ્યાર્થીઓને MSW (M.Phil.)માં ત્રણ નવી બેઠકો ઉભી કરી મંજૂર કરી તેમાં પ્રવેશ આપવા તથા M.Phil.(Sociology)માં પ્રવેશ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને M.Phil. (Sociology)માં સદરહુ ખાલી પડેલ સીટો પર પ્રવેશ આપવા અંગે ડીનશ્રી (આર્ટસ ફેકલ્ટી)નો અભિપ્રાય જોતાં વિષય બદલીને પ્રવેશ આપવા સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.**

બા.ક્ર.૬ગુજરાત યુનિવર્સિટીમાંથી વિલગ્ન થઈ જે કોલેજો/સંસ્થાઓ સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરમાં તબદીલ થયેલ છે, તેમની ડિપોઝીટ સંસ્થાઓની માંગણી થયેથી નિયમાનુસાર કાર્યવાહી કરી પરત આપવી એવું જાહેરનામુ તા.૮-૩-૨૦૧૬થી બહાર પાડેલછે.

તે મુજબગુજરાત સરકારના "The Government Gazette Vol-LVI" તા.૧૬-૯-૨૦૧૫ના ગેઝેટ દ્વારા પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર અને વડોદરા જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોને ગુજરાત યુનિવર્સિટીમાંથી વિલગ્ન કરી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાં તબદીલ કરવાની

પરવાનગી આપેલછે, તે તમામ કોલેજો, સંસ્થાઓ તથા માન્ય સંસ્થાઓ દ્વારા જે કોઈ જોડાણ અંગેની ડિપોઝીટ ગુજરાત યુનિવર્સિટી ખાતે જમા હશે તે જે તે કોલેજો, સંસ્થાઓ તથા માન્ય સંસ્થાઓને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નિયત અભ્યાસક્રમની મુદત પૂર્ણથયેથી તેમની માંગણી થયેથી સંસ્થાને ચૂકવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **ગુજરાત યુનિવર્સિટીમાંથી વિલગ્ન થઈ જે કોલેજો/સંસ્થાઓ સરદાર પટેલ યુનિવર્સિટી, વિધાનગરમાં તબદીલ થયેલ છે, તેમની ડિપોઝીટ પરત કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે આ તબદીલ થયેલ કોલેજો/સંસ્થાઓની માંગણી થયેથી નિયમાનુસાર કાર્યવાહી કરી ડીપોઝીટ કોલેજ/સંસ્થાને પરત આપવી.**

બા.ક્ર.૭ હાલ કોમર્સ વિધાશાખાના ડીનશ્રી વય નિવૃત થયેલ છે, આથી પ્રાશ્નિક-પરીક્ષકોની અને પરીક્ષા વિભાગની અન્ય કામગીરી માટે ડીન તરીકે કોની પાસેથી અભિપ્રાય લેવોતે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **પ્રિ. સૌરભ ચોકસીએ કોમર્સ ફેકલ્ટીના ડીન તરીકે વયનિવૃત્ત થતાં તેમણે આપેલ સેવાઓ બદલ સભાએ તેમને અભિનંદન પાઠવ્યા ત્યારબાદ કોમર્સ વિદ્યાશાખાના ડીન તરીકે પ્રો. પી.પી. પ્રજાપતિ (ડીન, આર્ટસ ફેકલ્ટી)ને કોમર્સ વિદ્યાશાખાના ઈન્ચાર્જ ડીન તરીકે બાકી રહેતી ટર્મ માટે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી ચાર્જ આપવાનું ઠરાવવામાં આવ્યું.**

બા.ક્ર.૮તા.૧૦-૧૧-૨૦૧૭ના રોજ Geography વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝની અભ્યાસ સમિતિની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની સામેલ મીનીટસ તથા M.Phil.નો અભ્યાસક્રમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **ભૂગોળ Geography વિષયનો એમ.ફીલ.નો અભ્યાસક્રમ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

બા.ક્ર.૯બા.ક્ર.૮તા.૧૦-૧૧-૨૦૧૭ના રોજ બેચલર ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝની અભ્યાસ સમિતિની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની સામેલ મીનીટસ તથા M.Phil.નો અભ્યાસક્રમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **બેચલર ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન વિષયનો એમ.ફીલ.નો અભ્યાસક્રમ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

બા.ક્ર.૧૦ ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી બીજી જ`કોઇ બાબત વિચારણા માટે રજૂ થાય તે.

(૧)સમાજની નામાંકિત/પ્રતિષ્ઠિત/મોભાદાર વ્યકિતને માનદ્ ડીગ્રી આપવા અંગે.

ઠરાવ: **આ અંગે વિષદ્ ચર્ચા વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સમાજની મોભાદાર વ્યકિતને ડી.લીટ.ની માનદ્ ડીગ્રી (ડોકટરેટ) આપવા અંગેની તમામ ટેકનીકલ પ્રક્રિયા કર્યા બાદ યોગ્ય લાગે તો તેને ડી.લીટની માનદ્ ડીગ્રી આપવી. વધુમાં ડી.લીટનો જે કોર્સ બંધ થયેલ છે તે ચાલુ કરવા અંગે પણ વિચારણા કરવામાં આવી અને આગામી સત્રથી ડી.લીટનો કોર્સ ચાલુ કરવા પ્રક્રિયા શરૂ કરવા યુનિવર્સિટી એકટમાં**

પ્રોવીઝન કર્યા બાદ આગળની કાર્યવાહી કરવી, ત્યાં સુધી ડી.લીટ. તેમજ ડી.એસસી.ની માનદ્ ડીગ્રી યુનિવર્સિટીમાં જોડાવાથી તેમનાં વિશિષ્ટ પ્રદાનને જ્ઞાનનો લાભ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક બને તે હેતુથી એકેડેમિક કાઉન્સિલમાં ચર્ચા વિચારણા કરીને આપવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં એકેડેમિક અંગેના એકટમાં સુધારો કરવા અંગે રજૂઆતના અનુસંધાને શ્રી દર્શનાબેન ત્રિવેદી, શ્રી પંકજ શ્રીમાળી અને શ્રી ઋષીકેશ મહેતાએ સ્વેચ્છાએ કામગીરી કરવાની સંમતી આપી.

બા.ક્ર.૧૧ શ્રી પી.પી.પ્રજાપતિ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી કે સ્ટડી એબ્રોડ પ્રોગ્રામ અંતર્ગત જે કોર્સ ચાલે છે તેમાં પ્રથમ પ્રવેશ આપવામાં આવે છે અને એલીજીબીલીટી સર્ટિફીકેટ ત્યારબાદ એટલેકે છ માસ બાદ લેવામાં આવે છે.

ઠરાવ: સ્ટડી એબ્રોડ પ્રોગ્રામ અંતર્ગત પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ મુજબ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવે તે મુજબ કરવાનું રાખવું.

બા.ક્ર.૧૨ ઈ.એમ.એમ.આર.સી.-યુજીસી-સીઈસી (EMMRC:UGC-CEC) દ્વારા ડીજીટલ લોન્જ અંગેની વ્યવસ્થા કરવા અંગે.

ઠરાવ: ઈ.એમ.એમ.આર.સી.-સીઈસી (UGC) તરફથી આવેલ યુનિવર્સિટી ખાતે ડીજીટલ લોન્જ બનાવવા તથા તે માટે MoU કરવા અંગેના પ્રસ્તાવ સંદર્ભે ઠરાવવામાં આવ્યું કે, CEC દ્વારા E-Content, DTP તથા FM માટે બનાવવામાં આવેલા કાર્યક્રમો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળી શકે તે માટે લાયબ્રેરી ખાતે એક અલાયદા રૂમમમાં ડીજીટલ લોન્જ વિકસાવવી તથા તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ યુનિવર્સિટી દ્વારા ઉભી કરવા ઠરાવવામાં આવ્યું, વધુમાં ડીજીટલ લોન્જ માટે CEC, દીલ્હી મુકામે MoU માં સહી કરવા અંગે માન.કુલપતિશ્રીને મોકલવા અંગે પણ ઠરાવવામાં આવ્યું.

બા.ક્ર.૧૩ યુનિવર્સિટીમાં ઘણાં સમયથી ખાલી અધિકારીશ્રીઓની જગ્યા ભરવા તેમને વિભાગીય જવાબદારી અંગેની વ્યવસ્થા કરવા અંગે.

ઠરાવ: અધિકારીશ્રીઓની ખાલી જગ્યા ભરતા વહીવટી કામગીરીન સરળતા રહે તે હેતુસર તમામ અધિકારીશ્રીઓને વિભાગીય જવાબદારી સોંપવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કા.કુલસચિવ

નં.એકેડેમિક/૪૫૮૮૭/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટીકાર્યાલય
અમદાવાદ-૯તા.૧૭-૧૧-૨૦૧૭

DR. R. J. VERMA
PROF. & HEAD

Tele. 079-26302362
Fax : 079-26303196
E-Mali : zoologygu@gmail.com
ramtejverma2000@yahoo.com

# DEPARTMENT OF ZOOLOGY

**University School of Science**

**Gujarat University, Ahmedabad-380 009 (INDIA)**

Ref. No. ZOOL./ Date : 5th August 2017

To,

The Vice-chancellor,

Gujrat university,

Ahmedabad 380009, GJ, India

Subject: Permission for Medical Faculty to do Ph D In Biomedical Technology.

Dear Sir,

May I Bring to your kind attention that MSc Biomedical Technology is running at Department of Zoology, Biomedical Technology and Human Genetics since 1998. This Course aims to teach students with subjects and techniques utilized in the field of Medical and Health Care Sciences. Many students at our department are perusing their Ph D in this subject.

Now many Medical Faculties are also interested in perusing their Ph D in this subject of biomedical technology. I therefore sincerely request you to permit taking Medical faculty for Ph D in the subject of Biomedical Technology.

Please do needful in this regard.

Thanking you,

With regards,

Professor & Head
Zoology Department
Uni. School of Sciences
Gujarat University,
Ahmedabad-380009

Prof Dr RJ Verma

V. C. OFFICE
Inward No. 185
Date 11/8/2017

AC તા. 10/11/17
પરિશિષ્ટ-૨

જાડેજા કીર્તિબા. એસ.
ભાવનગર.
364001
મો. 8866284898
ઈ- Ktjadeja882@gmail

પ્રતિશ્રી સાહેબ શ્રી.

વિષય - M.Pill એડમીશન બાબત

જય ભારત સાથે જણાવાનુ કે હું જાડેજા કીર્તિબા કૃપાલસિંહ ભાવનગર યુનિવર્સિટી માંથી એ M.A (sociology) કરેલ છે એ ગુજરાત યુનિ. માં M.Pill એન્ટ્રન્સ ટેસ્ટ આપી પાસ કરેલ જેમાં અમે 16 વિદ્યાર્થી હતા તેમાં થી 9 જ સીલેક્ટ થયેલુ તે નવ સીટો હતી પરંતુ M.S.W. ના બે વિદ્યાર્થી ને પાછળ થી એડમીશન આપેલા અને 16 માંથી બે વિદ્યાર્થી ને ડીસ્કોલીફાઈ કરે હવે 14 માંથી 11 નુ એડમીશન થયુ છે બાકી ત્રણ(3) અમે છીએ જેમાંથી બે વિદ્યાર્થી ને એડમીશન નથી જોયા તો હું એકજ છુ ને એક શીટ પણ ખાલી છે તેવુ મને જાણવા મળ્યુ છે તો મારુ વર્ષ ના બગડે તે માટે મને એડમીશન આપવા નમ્ર વિનંતિ

લી.
જાડેજા કીર્તિબા.

માન. કુલપતિશ્રી,

આપની તા. ૬/૧૦/૨૦૧૭ ની તથા ૧૦/૧૦/૨૦૧૭ ની નોંધો ની વિગતે જોઈ કોઈ સમસ્યા ઊભી ન થાય તે માટે MSW ના વિદ્યાર્થીઓને MPhil (Sociology) માં પ્રવેશ આપેલ છે તે રદ કરી MSW વિભાગ માં નવો ચાલુ કોર્સ ઊભો કરી / મંજૂર કરી MSW ના વિદ્યાર્થીઓને MSW (MPhil) માં પ્રવેશ આપવાનો.

જ્યારે Sociology માં આપેલ પ્રવેશ મુજબ Sociology ના વિદ્યાર્થીઓને ફક્ત MPhil (Socio) માં [illegible] અન્ય વિદ્યાર્થીઓને MPhil (Sociology) માં પ્રવેશ આપવાનું [illegible] યોગ્ય છે.

[signature]

ડીન
૬/૧૧/૨૦૧૭

સાદર જાણ તે
MSW ના [illegible] [illegible] [illegible] માં મંજૂર રાખવાની શરતે ડીનશ્રીની ભલામણ મંજૂર રાખવા આદેશાર્થે સાદર રજૂ.

[signature]

[illegible] Sociology Hon VC Sign

[signature]

Professor, Dept. of Economics
Ex-HOD
Department of Social Work
(M) 09825838579
E-Mail:
ppprajapati@gujaratuniversity.ac.in
ppdean_arts@yahoo.co.in

Phone : 26302385/26308646
School of Social Sciences.
Gujarat University,
Ahmedabad : 380 009.

***Dr. Pradeep Prajapati***
***Dean***
***Faculty of Arts***
***Gujarat University***
***Ahmedabad***

**Ref. No.GU/Dean/2017/89**

**Date-06/10/2017**

પ્રતિ
કુલસચિવશ્રી
ગુજરાત યુનિવર્સીટી
અમદાવાદ.

વિષય: સોસીયોલોજી વિભાગના એમ. ફિલ. અભ્યાસક્રમ માં નિયમ વિરુધ આપવામાં આવેલા પ્રવેશ બાબત.

શ્રીમાન,

ચાલુ શૈક્ષણીક વર્ષ – ૨૦૧૭ માં પી. એચ. ડી. તથા એમ.ફિલ માં પ્રવેશ આપવા બાબતે યુનિવર્સીટી ના બધા ભવનોમાં ચાલતા વિભાગોના વડાશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ તથા ડીનશ્રીઓ ની મીટીંગમાં માન. કુલપતિશ્રીની હાજરીમાં જે વિદ્યાર્થીએ જે વિષયમાં અનુસ્તાનક પદવી મેળવી હોય તે જ વિષયમાં પી. એચ. ડી. તથા એમ.ફિલ માં પ્રવેશ આપવાનો નિયમ હોઈ તે મુજબ પાલન કરવાનું રાખવા અંગેનો નિર્ણય લેવાયેલ.

મને જાણવા મળેલ છે કે ચાલુ શૈક્ષણીક વર્ષ – ૨૦૧૭ માં સોસીયોલોજી વિભાગના એમ. ફિલ. અભ્યાસક્રમ માં નિયમ વિરુધ એમ. એસ. ડબ્લ્યુ. પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવ્યા છે. જો આ સાચું હોય તો તેની તપાસ કરી નિયમ મુજબ જ પ્રવેશ અપાય તે જોવા અનુરોધ છે.

જો આમ કરવામાં નહિ આવે તો આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પી. એચ. ડી. માં પ્રવેશ માટે પોતાનો હક્ક જમાવશે જે યુનિવર્સીટી ના હિત માં નહિ હોય અને કોઈ મુશ્કેલીઓ પણ સર્જાશે. તેથી આવા નિયમ વિરુધના પ્રવેશો અને ભવિષ્યમાં ઉભી થનાર સમસ્યાઓ પ્રત્યે બાબતે આપનું ધ્યાન દોરી યોગ્ય નિર્ણય કરવા ભલામણ છે.

આભાર.

**Dr. Pradeep Prajapati**
**Dean**
**Faculty of Arts**
**Gujarat University**
**Ahmedabad**